| PUBLICATION NAME : | Western Times (Guj) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 07/03/2023 |
| PAGE : | 7 |

# મહિલાઓએ સફળ ઉદ્યોગસાહસિકો બનવા ગણતરીપૂર્વકના જોખમો લેવાનું શીખવું પડશેઃ રેખા શર્મા

**અમદાવાદ,** આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવા આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ ૬ માર્ચ, ૨૦૨૩ના રોજ એના કેમ્પસમાં 'વિમેન ઈન લીડરશિપ કોન્ક્લેવ'નું આયોજન કર્યું હતું. આ કોન્ક્લેવનું ઉદ્‌ઘાટન ચીફ ગેસ્ટ (મુખ્ય અતિથિ) તરીકે રાષ્ટ્રીય મહિલા પંચ (એનસીડબલ્યુ)ના ચેરપર્સન રેખા શર્માએ કર્યું હતું. આ પ્રસંગે ગેસ્ટ ઓફ ઓનર, એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝના સેક્રેટરી જનરલ ડો. પંકજ મિત્તલ, ગુજરાત સરકારના નાણાં વિભાગ (આર્થિક બાબતો)ના પ્રિન્સિપલ સેક્રેટરી સુ મોના ખંધાર, એચએસબીસી ઈન્ડિયાના કોર્પોરેટ સસ્ટેઈનેબિલિટીના વાઈસ પ્રેસિડન્ટ રોમિત સેન અને ફિક્કી એફએલઓના ચેરપર્સન ડો. રચના ગેમાવત તથા ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા ઉપસ્થિત રહ્યાં હતાં.

મહિલા ઉદ્યોગસાહસિકો, વિદ્યાર્થીઓ અને શિક્ષાવિદો તેમજ વિવિધ ક્ષેત્રોમાંથી નિષ્ણાતોને સંબોધન કરતાં મતી રેખા શર્માએ તેમના ઉદ્‌ઘાટન સંબોધનમાં કહ્યું હતું કે, "સમાજમાં મહિલાઓની સામાજિક અને આર્થિક સ્થિતિને સુધારવા જાગૃતિ લાવવાની જરૂર છે, જેમાં શિક્ષણ, તાલીમ અને સાથસહકાર કે મદદ પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવાનની જરૂર છે. અમે વધુને વધુ મહિલાઓ આગળ આવે અને તેમની પરંપરાગત ભૂમિકાઓમાંથી બહાર આવે તેમજ તેમની વૃદ્ધિ માટે મુશ્કેલરૂપ અવરોધો દૂર કરે એવું ઈચ્છીએ છીએ. આપણે બધા સર્વસમાવેશક અને સમાન સમાજને જોવા ઈચ્છીએ છીએ. આપણે લાંબા સમયથી પરંપરાગત કામ કરતી મહિલાઓ માટે વધારે અવકાશ ઊભો કરવાની જરૂર છે અને આપણે ગણતરીપૂર્વકના જોખમો લેવા મહિલાઓને પ્રોત્સાહન આપીને આ હાંસલ કરી શકીએ, તેમને આર્થિક રીતે પગભર બનાવી શકીએ. તેના માટે મહિલાઓને વ્યવસાયિક નેટવર્કિંગ ઊભું કરવા અને સાથીદારો કે સ્પર્ધકોના દબાણ હેઠળ ન આવવાનું શીખવવું પડશે."